# આપનું સપ્તાહ કેવું જશે? તા.૦૧/૦૬/૨૦૨૬ થી તા.૦૭/૦૬/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):-** ચાલુ વીક ચોથે આવતાં ગુરુ તમારી મુસીબતો ઓછી કરશે. મકાન, વાહન, વારસાને લગતા પ્રશ્નો હલ થશે. લાંબા સમયથી અટકેલાં કામ ગતિમાં આવે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. સ્ત્રી વર્ગ માટે આજથી વર્ષની શુભ શરૂઆત થાય છે. અધ્યાત્મમાં રસ રાખનારને આંતરિક શાંતિ મળશે. નોકરીમાં પ્રમોશન થાય. નવી નોકરીની તક ઊભી થાય. માતા પિતાનો સાથ મળે. સાથે ઘરમાં ઉંમરલાયકની તકલીફો વધશે.

**વૃષભ (બ,વ,ઉ):-** સપ્તાહની શરૂઆત આપના ત્રીજા ભાવમાં ગુરુના પ્રવેશથી થશે. વેપાર-ધંધામાં નવી તકો ઊભી થાય. નોકરીમાં મહત્ત્વના ફેરફારથી રાહત થાય. વિદેશ પ્રવાસની યોજનામાં ગતિ આવશે. ભાઈ-બહેનોને મદદરૂપ બનશો. મિત્રોનો સાથ નવી નોકરી તથા વ્યવસાયમાં મળે. પ્રવાસ પર્યટન સાથે સંકળાયેલ માટે આ વર્ષ સારું રહેશે. શેર સટ્ટાનું કામ કરનારને લાભદાયક રહેશે. સ્વભાવ કરકસરિયો અને બચતને મહત્ત્વ આપનાર રહેશે.

**મિથુન (ક,છ,ઘ):-** ચાલુ વીકમાં આપના ધન-કુટુંબ ભાવમાં આવતા ગુરુ આર્થિક બાબતે અનુકૂળતા વધારશે. નોકરી-ધંધા માટે વર્ષ મહત્ત્વનું રહેશે. કુટુંબમાં સભ્યો વધે. કટુંબની સમસ્યાનું સમાધાન થાય. પિતા સાથે સંઘર્ષ વધશે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. ખોટા આત્મવિશ્વાસમાં રહેવું નહીં. અભ્યાસ માટે સખત પરિશ્રમ કરવો પડશે. પ્રામાણિક લોકોને ભાગ્યનો સાથ મળશે. વિદેશ સાથેના કામમાં લાભ થાય. પ્રતિષ્ઠા વધશે.

**કર્ક (ડ,હ):-** ચાલુ વીકમાં આપની રાશિમાં આવતાં ગુરુ વિદ્યાર્થીઓને મહેનતનું ફળ આપનાર સાબિત થશે તથા પ્રામાણિક અને સેવાભાવી લોકોની વર્ષ દરમિયાન કદર થાય. સંતાનોની પ્રગતિ થાય તેમજ સંતાન માટે પ્લાનિંગ સફળ બનશે. ઉંમરલાયકને યોગ્ય જીવનસાથી પ્રાપ્ત થાય. ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળે. શિક્ષણ, ન્યાય, લેખન, પ્રવાસ, રાજકારણમાં સફળતા મળશે. આરોગ્ય સુધરે. યોગ્ય નિદાન થાય. મનને શાંતિ મળશે.

**સિંહ (મ,ટ):-** સપ્તાહ દરમિયાન આપના બારમા ભાવમાં આવતાં ગુરુદેવ શુભ કર્મ અને પ્રામાણિક બનવાનું સૂચન આપે છે. નહીં તો ગુપ્ત શત્રુઓ, સગાંસંબંધી, કુટુંબીજનો વગેરેથી નુકસાન થાય. કોર્ટ-કચેરીમાં ત્રાસ વધે. બિનજરૂરી ખર્ચા અને ઉધારીથી માનસિક ત્રાસ વધારશે. આંખ અને પગની કાળજી રાખવી પડશે. આરોગ્ય બાબતે સાવધાન રહેવું. ઉધાર લેવા-દેવાનું ટાળવું. સામાજિક પ્રતિષ્ઠાનું ખાસ ધ્યાન રાખવું. જો કે વ્યાવહારિક લોકોને લાભ.

**કન્યા (પ,ઠ,ણ):-** ચાલુ વીકમાં આપના લાભસ્થાનમાં આવતાં ગુરુ ઉચ્ચ કક્ષાના અને વફાદાર મિત્રોથી લાભ કરાવશે. વિદ્યાર્થીઓને મહેનતનું સુંદર ફળ મળશે. આર્થિક પ્રગતિ થાય. સંતાન પ્લાનિંગ સફળ રહે. સંતાન-જીવનસાથીના કામમાં અનુકૂળતા વધશે. વેપાર-ધંધામાં આર્થિક લાભ વધે. નવા સામાજિક સંબંધોથી સહકાર મળે. નોકરીમાં પ્રમોશન મળે. સરકારી નોકરીની યોજના પાર પડશે. વર્ષ દરમિયાન ભાગ્યના સાથનો અનુભવ વધશે.

**તુલા (ર,ત):-** સપ્તાહ દરમિયાન આપના કર્મસ્થાનમાં આવતાં ગુરુ હાથમાં લીધેલ કાર્ય સફળ કરનાર બને છે. સ્ત્રી વર્ગ માટે આ વર્ષ સારું પુરવાર થશે. યોગ્ય જીવનસાથી મળે તેમજ પોતાના કામમાં સફળતા મળે. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થાય. સરકારી ઉચ્ચ હોદ્દાની નોકરીની શક્યતા વધશે. સ્વતંત્ર ધંધામાં નવી યોજના પાર પડે. આર્થિક પ્રગતિથી નવી બચત થાય. નવાં ઘર, વાહન, મકાન અને વારસાને લગતાં કામ અનુકૂળ બનશે.

**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીકમાં આપના ભાગ્યમાં આવતાં ગુરુદેવ નોકરી, રાજકારણ, સમાજ, ધર્મ અને જાહેર જીવનમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની શક્યતા વધી જશે. ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળે. પત્રકાર, લેખક, વકીલ, પ્રાધ્યાપક, બેરીસ્ટરથી ન્યાયાધીશ કે ન્યાય, શિક્ષણ, યોગાભ્યાસ, અધ્યાત્મ જ્ઞાન વગેરે સાથે જોડાયેલને ભાગ્યનો સાથ મળશે. સંશોધન, પ્રકાશન, મુદ્રણ ક્ષેત્રે સફળતા મળે. આ વર્ષ દરમિયાન મહત્ત્વની યોજના પાર પડે. વિદેશનાં કામ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ):-** ચાલુ વીકમાં આપના આઠમા ભાવમાં આવતો ગુરુ આરોગ્યની કાળજી સૂચવે છે. જો લોકો આરોગ્યની દૃષ્ટિએ નાજુક હશે તેમને આ વર્ષ ખાસ સાવધાની રાખવી પડશે. સ્ત્રી વર્ગ માટે આઠમો ગુરુ શુભ મનાતો નથી. માટે વિવાહ કરવામાં સાવચેતી રાખવી. દૂષિત લગ્નજીવન પરેશાની પેદા કરશે. ઉધાર લેવા-દેવાનું ટાળવું. સરકારી નોકરિયાતે કોઈ લાલચમાં આવવું ભારે પડશે. વારસા કે સંપત્તિ બાબતે અનુકૂળતા રહેશે.

**મકર (ખ,જ):-** ચાલુ વીકે આપના સાતમા ભાવમાં આવતાં ગુરુદેવ ઉંમરલાયકને યોગ્ય જીવનસાથી મળે તેમ જ મોટી ઉંમરનાં વિધુર-વિધવા વગેરેના વિવાહ થાય. વિદ્યાર્થીઓને અનુકૂળ વાતાવરણ મળે. નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કોર્ટ કચેરીમાં મદદ મળે. દાંપત્યજીવનમાં તાલમેળ રાખવો પડશે. કુટુંબ પરિવારની મદદથી નવા વેપાર ધંધાની યોજના પાર પડશે. વિદેશમાં વિવાહના યોગ બને. પ્રવાસ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ):-** સપ્તાહ દરમિયાન આપના છઠ્ઠા ભાવમાં આવતા ગુરુદેવ આરોગ્યમાં ખાસ પેટ અને પાચનતંત્રની સમસ્યાથી પિડાતાની તકલીફ વધશે. હિતશત્રુઓથી સાવધાન રહેવું. સરકારી નોકરીની શક્યતા વધે. હર્નિયા, કીડની, ડાયાબીટીશ, મેદવૃદ્ધિથી બચવું. વાહન ધીમે અને સંભાળીને હાંકવું. લડાઈ-ઝઘડાથી બચવું. સંતાનોની પ્રગતિ થાય. મોસાળ પક્ષ અને માતાથી લાભ થાય. નોકરીમાં પ્રમોશન મળે. વર્ષ દરમિયાન આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું.


**મીન (દ,ચ,ઝ,થ):-** ચાલુ વીકમાં આપના પાંચમા ભાવમાં આવતા ગુરુદેવ વિદ્યાર્થીઓને મદદરૂપ બનશે. પણ જે ઘરમાં પ્રતિકૂળ વાતાવરણ હશે તેવા વિદ્યાર્થીઓનાં પરિણામ પર અસર થશે. શિક્ષક, પ્રાધ્યાપક, વકીલ, ડોક્ટર બનવા ઈચ્છતાને ભાગ્યનો સાથ મળશે. શેર, સટ્ટા, લોટરી, વાયદામાં લાભ થાય. સંતાનોના કેરીયરમાં વિઘ્નો આવે. સંતાન પ્લાનિંગમાં વિલંબ થઈ શકે. માતા-પિતા સાથે ઘર્ષણ થાય. ઉચ્ચ કક્ષાનાં મિત્રોનો સાથ મળશે. અચાનક લાભ થશે.

# અતિચારી ગુરુ અને કોકરોચ જનતા પાર્ટી

મે 2025 થી જૂન 2032 સુધી ગુરુ અતિચારી અવસ્થામાં છે.પોતાની સામાન્ય ચાલ કે રાશિ બદલવાની પ્રક્રિયા કરતાં ઝડપથી રાશિ બદલવાની ક્રિયાને અતિચારી કહેવામાં આવે છે. જ્યોતિષશાસ્ત્રમાં ગુરુ ગ્રહની અતિચારી સ્થિતિને સામાન્ય માનવામાં આવતી નથી. તેનો પ્રભાવ આખી પૃથ્વી પર અણધાર્યા ફેરફારરૂપે જોવા મળે છે. પર્યાવરણ કે ઋતુ અથવા મોસમ અચાનક બદલાવ જે આપણને આજકાલ ગરમી-વરસાદ ઠંડી-ભૂકંપ-દરિયાઈ તુફાન વગેરે સ્વરૂપે જોવા મળે છે. અચાનક આર્થિક સમસ્યા વિશ્વવ્યાપી ઊભી થવી અને આર્થિક નીતિયોગમાં ફેરફારથી દુનિયામાં ઊથલપાથલ નવું સંચાર માધ્યમ પર સૌથી વધુ પ્રભાવ રહે. હાલ ગુરુ મિથુન રાશિમાં અતિચારી છે માટે મીડિયા ભ્રમ, સૂચનાથી ભ્રમ ફેલાવવો, દેશ અને દુનિયા ભ્રમિત સૂચનાથી તણાવ પેદા કરનાર સમય છે. સોશ્યલ મીડિયા અને ઈન્ટરનેટનું ભવિષ્ય ખતરામાં પડી શકે છે.

રાષ્ટ્રિય ભાવનામાં અચાનક ફેર આવે. રાષ્ટ્રવાદ અને ધર્મ નિપેક્ષામાં ટકરાવ થાય. સૌથી મહત્ત્વનો ફેરફાર રાજનીતિમાં આવશે. મિથુન, કર્ક અને સિંહ રાશિમાં અતિચારી ગુરુ દેશ અને વિશ્વની રાજનીતિમાં જબરજસ્ત ફેરફાર થશે. અર્થવ્યવસ્થા ઉપર ભારી અસર થાય. આર્થિક, ધાર્મિક અને મહાયુધ્ધ, મહામારી, ટેકનોલોજી અને સંબંધો વગેરે પર અતિચારી ગુરુનો પ્રભાવ વધશે.

વૈદિક જ્યોતિષમાં મેદનીય કુંડલીનું ઘણું જ મહત્ત્વ છે. ખાસ કરીને રાજકારણ માટે આ કુંડલી જોવામાં આવે છે. તા. 16-05-2026ના દિવસે ઉદ્ભવેલ વિચારના આધારે કોકરોચ જનતા પાર્ટીનો ઉદ્ભવ કર્ક લગ્ન ભારતીય સમય પ્રમાણે છે. અમાવસનો દિવસ ન્યાયના દેવ શનિ જયંતી અને કાળસર્પ યોગમાં આ પાર્ટીનું અસ્તિત્વમાં આવી છે. કર્ક લગ્ન જળતત્ત્વનું હોવાથી દરિયાપારથી વિચાર આવ્યો. સપ્તમેશ શનિ ભાગ્યમાં રોજબરોજની પ્રવૃત્તિ તથા વપરાશની વસ્તુ, રોજની પ્રવૃત્તિ નોકરી-વ્યવસાય-ધંધા વગેરેની ન્યાયિક માંગને ધ્યાનમાં રાખીને આ આંદોલન ચાલુ થયું. ભાગ્યના શનિના કારણે ન્યાયાધીશની ટિપ્પણીએ વૈચારિક ક્રાંતિને જન્મ આપ્યો. નવમું સ્થાન એ દેશનું ન્યાયતંત્ર, શૈક્ષણિક સંસ્થા, દેશ-વિદેશની નીતિ અને મિડીયાને પ્રભાવિત કરે છે ત્યાં શનિની હાજરી એટલે રોજગાર માટેની લડાઈને રાતોરાત આંદોલનમાં પરિવર્તન કરનાર બને છે.

ભાગ્યમાં શનિ અને કાળસર્પ યોગના કારણે આ આંદોલન સાહસ-પરિશ્રમ અને જોખમ અને અન્યાયનો સામનો કરીને સફળતા અને લોકપ્રિયતાની સીમા પાર કરનાર સાબિત થશે. કાળ સર્પ એ દરેક ક્ષેત્રમાં જોખમ બેવડાવનાર યોગ માનવામાં આવે છે. માટે આ પાર્ટીને નિડર-સાહસિક અને સ્વતંત્ર લડાયક મિજાજવાળાં નેતાઓ મળશે. આપણા સ્વતંત્ર ભારતની કુંડલીમાં પણ કાળસર્પ છે. માટે તે શૂન્યમાંથી આટલી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. કાળસર્પ અનેક મુસીબત, સંઘર્ષ, યાતના, ત્રાસ, બદનામી, ખોટા આક્ષેપ અને ખોટા કેસ વગેરેનો સામનો કરાવીને જાતકને એક અજય યોધ્ધાના રૂપમાં દુનિયાની સામે લાવીને રાખે છે. જે આજે આપણા ભારત દેશને લઈને જોવા મળે છે.

આમ આ પાર્ટી માટે કાળસર્પ યોગ, શનિદેવની સ્થિતિએ એક મહત્ત્વનું જમા પાસું છે. ટૂંકમાં તેનું ભવિષ્યમાં ઉજ્જવળ છે. કુંડળીનું મુખ્ય હિર કે મુખ્ય જમા પાસું લગ્નેશ ચંદ્ર અને રૂચક યોગ કરતાં મંગળની કેન્દ્રમાં યુતિ દસમા ભાવમાં જે સત્તાનું સ્થાન છે તથા આ મજબૂત રાજયોગ થાય છે માટે તેને હરાવવું મુશ્કેલ છે. ચંદ્ર ઉચ્ચાભિલાસી એટલે કે પોતાની ઉચ્ચ રાશિમાં પ્રવેશવાની તૈયારીમાં છે. મંગળ-ચંદ્ર એ યુવા વર્ગ યુવક-યુવતીઓનું પ્રતિનિધિત્વ અને રાહત-સેનાપતિનો યોગ માનવામાં આવે છે. રાણી પોતાના સુખ અને સગવડને છોડી શકે નહીં અને સેનાપતિ પોતાની રાણીની મુશ્કેલી કે વિપરીત પરિસ્થિતિ જોઈ શકે નહીં માટે પણ કોકરોચ જનતા પાર્ટીનું અસ્તિત્વ જોખવાય એમ નથી!

મંગળ એક વિજય સેનાપતિ છે સૈનિક છે. દસમા ભાવમાં રૂચકયોગ કરનાર મંગળને શુભ અને બળવાન માનવામાં આવે છે. કર્ક લગ્નમાં કેન્દ્ર ત્રિકોણનો માલિક થઈને દસમા સત્તાના સ્થાનમાં મંગળનું બળવાન હોવું શુભ સંકેત સમાન છે. માટે CJP-BJP માટે મુસીબત સમાન સાબિત થઈ શકે છે.

લાભ સ્થાનમાં સૂર્ય-બુધ વિશ્વાસપાત્ર સાથીઓના યોગ કરે છે. આ યોગના કારણે પોતાના સિધ્ધાંત અને પ્રામાણિકતા અને વફાદાર સાથીઓના કારણે ધન એકઠું કે પ્રાપ્ત કરવામાં મુશ્કેલી પડશે. શનિની દૃષ્ટિ છે માટે સરકાર તરફથી તેને દબાવવાની તમામ કોશિશ કરવામાં આવશે. પણ કાળસર્પ તેને મિટવા નહીં દે. ટકાવી રાખશે.

અહીં સૌથી મહત્ત્વની વાત અતિચારી ગુરુની છે. ગુરુ પોતાની ઉચ્ચ રાશિમાં પ્રવેશવાની તૈયારીમાં છે. આ ઉચ્ચાભિલાષી ગુરુના કારણે જ આ આંદોલનનો જન્મ થયો છે. અતિચારી ગુરુ દેશ-સમાજ દુનિયામાં નવી ક્રાંતિ લાવનાર બને છે. મહાભારત સમયે આ જ સ્થિતિ હતી. ભારતમાં કોઈએ કલ્પના ન કરી હોય એવી સ્થિતિમાં અચાનક CJPનો જન્મ થવો એ અતિચારી ગુરુની ક્રાંતિ તરફ લઈ જવાની પગદંડી છે. દેશમાં નવું વાતાવરણ પેદા કરીને અચાનક ક્રાંતિકારી વિચારને સફળ બનાવનાર સમય May-2025થી ચાલુ થઈ ગયો હતો. આ ગુરુ 2032 સુધી આ અવસ્થામાં રહેનાર છે. માટે દેશના આ જન્મી ઉદ્ભેલ C.J.P.પાર્ટીનું ભવિષ્ય ઉજ્જવળ છે. શુક્રની મહાદશા અને શનિની અંતર તથા બુધની પ્રતિ અંતર દશા શુભ સંકેત આપે છે પાર્ટીને આર્થિક પ્રશ્ન નડશે નહીં અને સરકાર સામે ઝૂકશે પણ નહીં. મુસીબતોમાં ટકી રહેવાના યોગ સાફ દેખાય છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### મેં સોરોસના 17...

કરતા ગાંધીએ તેને પોતાના સાથી ' દેશ વિરોધી સોરોસ એજન્ટ્સ' સાથેની એક આંખ ઉઘાડનારી વાતચીત ગણાવી હતી. ગાંધીએ કહ્યું હતું કે જ્યોર્જ સોરોસના માત્ર ૧૭ વર્ષના એજન્ટો સાથે મારી ચર્ચા થઇ. દેખીતી રીતે તેમણે આ વિદ્યાર્થીઓને ભારત વિરોધી યહુદી અબજપતિ જ્યોર્જ સોરોસના ડીપ સ્ટેટ નેટવર્ક સાથે સાંકળતા ભાજપના ટેકેદારોના આક્ષેપો સંદર્ભમાં કટાક્ષ કર્યો હતો. ગાંધીએ X પર વીડિયો સાથેની તેમની પોસ્ટમાં જણાવ્યું કે, વેદાંત અને તેના મિત્રો બહાદુર યુવા ભારતીયો છે જેમણે CBSE અને મોદી સરકારને સરળ સવાલો પૂછ્યા હતા -- પરંતુ જવાબોને બદલે અપમાન મળ્યું. વિડિયોમાં ગાંધી વેદાંત અને અન્ય વિદ્યાર્થીઓ સાથે તેમની મુશ્કેલીઓ વિશે અનૌપચારિક વાતચીત કરતા જોવા મળે છે. તેમણે એ વાત પર પણ મજાક કરી હતી કે કેવી રીતે કાયદેસરની ચિંતાઓ અને મુદ્દાઓ ઉઠાવ્યા પછી તેમને પાકિસ્તાની અને ડીપ સ્ટેટ એજન્ટ્સ તરીકે ગણાવવામાં આવ્યા હતા.

ધોરણ 12 ના વિદ્યાર્થી વેદાંતે તાજેતરમાં X પર એક પોસ્ટમાં આક્ષેપ કર્યો હતો કે પુનઃમૂલ્યાંકન પ્રક્રિયા હેઠળ CBSE દ્વારા અપલોડ કરવામાં આવેલી ફિઝિક્સની ઉત્તરવહી તેની નહોતી. આ પોસ્ટ વાયરલ થઈ હતી, જે બાદ અન્ય કેટલાક વિદ્યાર્થીઓએ પણ સોશિયલ મીડિયા પર આવા જ દાવા કર્યા હતા. CBSE પરીક્ષા માટે OSMનું કામ કરનાર કંપની 'કોએમ્પ્ટ' પણ ગાંધીના નિશાના પર આવી છે, જેમણે આરોપ લગાવ્યો હતો કે આ કંપની તેના જૂના નામ 'ગ્લોબારેના' હેઠળ પહેલેથી જ વિવાદોમાં ઘેરાયેલી હતી. લોકસભામાં વિપક્ષના નેતાએ આ "આખા કૌભાંડ" પાછળનું સત્ય બહાર લાવવા માટે સ્વતંત્ર ન્યાયિક તપાસ તેમજ SIT તપાસની માંગ કરી છે, અને સવાલ ઉઠાવ્યો છે કે તેલંગાણામાં જે કંપનીનો ભૂતકાળ શંકાસ્પદ રહ્યો હતો તેને બોર્ડ દ્વારા આ કોન્ટ્રાક્ટ કેમ સોંપવામાં આવ્યો.

### OSM પોર્ટલ મામલે...

પછી તેઓ તેના સેવા પ્રદાતાના OSM પોર્ટલમાં ઓળખાયેલી નબળાઈઓનું નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છે. બોર્ડની ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) સિસ્ટમની વધતી જતી ચકાસણી વચ્ચે આ પ્રવેશ આપવામાં આવ્યો છે , જેમાં વિદ્યાર્થીઓ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે, નૈતિક હેકર્સ સંભવિત સુરક્ષા ખામીઓને ચિહ્નિત કરી રહ્યા છે અને કોન્ટ્રાક્ટ આપવામાં આવેલી ટેન્ડર પ્રક્રિયા પર પ્રશ્નો ઉભા કરી રહ્યા છે.

એક સત્તાવાર નિવેદનમાં, સીબીએસઈએ જણાવ્યું હતું કે વિવિધ સરકારી એજન્સીઓ અને ભારતીય ટેકનોલોજી સંસ્થાઓ (IIT) ના સાયબર સુરક્ષા વ્યાવસાયિકોની એક નિષ્ણાત ટીમ છેલ્લા કેટલાક દિવસોથી સિસ્ટમના સુરક્ષા માળખાને મજબૂત બનાવવા માટે કામ કરી રહી છે. બોર્ડના જણાવ્યા અનુસાર, ઓળખાયેલી નબળાઈઓને કાબુમાં લેવામાં આવી છે, અને અન્ય કોઈપણ શોષણ કરી શકાય તેવી નબળાઈઓને નકારી કાઢવાના પ્રયાસો ચાલી રહ્યા છે. સીબીએસઈએ ઉમેર્યું હતું કે ચાલુ સુરક્ષા વૃદ્ધિ પગલાંના ભાગ રૂપે પોર્ટલને વધુ સુરક્ષિત સેટઅપમાં પણ ખસેડવામાં આવી રહ્યું છે.

### CBSEએ એથિકલ...

આમંત્રણ આપ્યું છે જેમણે નબળાઇઓ અથવા સુરક્ષા ચિંતાઓ ઓળખી હોય, તેઓ secy-cbse@nic.in પર ઈમેલ દ્વારા તેમની સુરક્ષા ટીમ સાથે તેમના તારણો શેર કરે. ઓનમાર્ક પોર્ટલની ચકાસણી અને તેની સુરક્ષા અંગેની ચિંતાઓ વચ્ચે આ નિવેદન આવ્યું છે, જેમાં સીબીએસઈએ ભારપૂર્વક જણાવ્યું છે કે સિસ્ટમને સુરક્ષિત રાખવા માટે સુધારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે.

### કેનેડા, ભારતના...

કે આ વર્ષના અંતમાં આ સમજૂતી થઈ શકે છે. તેમણે ઉમેર્યું, મુક્ત વ્યાપાર કરાર ચોક્કસપણે થશે. મને તેમાં કોઈ શંકા નથી. સીબીસીના અહેવાલ મુજબ પટનાયકે પણ પુષ્ટિ કરી હતી કે વાટાઘાટો ચાલુ છે.

સીબીસીના જણાવ્યા અનુસાર, મોઈએ સસ્કેચેવાન અને ભારત વચ્ચેના સંબંધોને પ્રાંત માટે મહત્વપૂર્ણ ગણાવ્યા હતા અને ચાલી રહેલી વ્યાપાર ચર્ચાઓને આશાવાદનું કારણ ગણાવ્યું હતું. આ ટિપ્પણીઓ ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કરેલા નિવેદનના થોડા દિવસો બાદ આવી છે. ગોયલે જણાવ્યું હતું કે બંને દેશો આ વર્ષના અંત પહેલા મુક્ત વ્યાપાર કરાર પરની વાટાઘાટો પૂર્ણ કરવા તરફ જોઈ રહ્યા છે, અને બંને પક્ષના વડાપ્રધાનોએ અધિકારીઓને આ સમજૂતી પૂર્ણ કરવા તેમજ દ્વિપક્ષીય વ્યાપારને આશરે ૧૭ અબજ ડોલરથી વધારીને ૨૦૩૦ સુધીમાં ૫૦ અબજ યુએસ ડોલર સુધી પહોંચાડવાનું કામ સોંપ્યું છે.

### ઉત્તરાખંડમાં ખરાબ...

માટેના ઓરેન્જ એલર્ટને પગલે તમામ તીર્થયાત્રીઓને નજીકના સુરક્ષિત સ્થળોએ રોકવા માટેની સૂચનાઓ જારી કરવામાં આવી છે. સોનપ્રયાગ અને ગૌરીકુંડ સહિત ભૂસ્ખલન સંભવિત વિસ્તારોમાં તૈનાત સેક્ટર અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે જ્યાં સુધી હવામાન સાફ ન થાય ત્યાં સુધી કોઈ પણ યાત્રી આગળ ન વધે તે સુનિશ્ચિત કરે."

રાજવારે જણાવ્યું હતું કે, યાત્રાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સાવચેતીના ભાગરૂપે સવારે ૯.૪૫ વાગ્યાની આસપાસ યાત્રા રોકી દેવામાં આવી હતી.

સતત વરસાદ અને પ્રતિકૂળ હવામાનને કારણે ગઢવાલ કમિશનર આનંદ સ્વરૂપે સાવચેતીના ભાગરૂપે કેદારનાથ યાત્રાને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી હતી.

સ્વરૂપે અધિકારીઓને તીર્થયાત્રીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપવા, અફવાઓને અવગણવા અને તેમના નિર્ધારિત સ્થળોએ જ રહેવા નિર્દેશ આપ્યો હતો કારણ કે હવામાન સુધર્યા પછી યાત્રા ફરીથી સુચારુ રીતે શરૂ થશે.

### ત્રાસવાદીઓના મદદગારોને...

બહાર આવ્યું છે કે તેમાંના કેટલાક રાષ્ટ્રીય રાજકીય પક્ષોના ભાગ હતા. આતંકવાદી સંગઠનોને મહત્વપૂર્ણ લોજિસ્ટિકલ સપોર્ટ, ભરતી અને ભંડોળ પૂરું પાડતા આતંકવાદીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા લોકોને કાયદેસરના રાજકીય માળખામાં સામેલ કરીને, ISI સુરક્ષા દળો દ્વારા ચાલી રહેલા ઓપરેશનોથી પોતાની અસ્કયામતો(ઓપરેટિવ્સ)ને બચાવવાની આશા રાખે છે.

નામ ન આપવાની શરતે વાત કરતા અધિકારીઓએ જણાવ્યું હતું કે આ વ્યૂહરચના નિરાશાની ભાવનામાંથી જન્મી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ISI પાસે હવે વિકલ્પો ખૂટી રહ્યા છે કારણ કે તેમના પરંપરાગત આતંકવાદી જૂથો સુરક્ષા દળોના ભારે દબાણ હેઠળ છે અને નવા પ્રોક્સી સંગઠનો માટે સ્થાનિક સમર્થનનો આધાર નોંધપાત્ર રીતે ઘટી ગયો છે.

### જર્મની સાથે છ...

આવશે. આ સોદાને અંતિમ સ્વરૂપ આપવાથી ચીન અને પાકિસ્તાન જેવા દેશો પર નજર રાખવામાં મદદ મળશે. માજી નૌકાદળના વડાના મતે, ભારતના માઝાગોન ડોક અને જર્મનીના થિસેનક્રુપ મરીન સિસ્ટમ્સ વચ્ચેનો કરાર પૂર્ણ થવામાં ફક્ત થોડા મહિના લાગશે. પ્રથમ સબમરીન 2033 માં કાર્યરત થવાની ધારણા છે, ત્યારબાદ 2038 સુધી દર વર્ષે એક સબમરીન કાર્યરત થશે. નૌકાદળના માજી વડા એડમિરલ દિનેશ કુમાર ત્રિપાઠીએ હવે આ બાબતે ટિપ્પણી કરી છે.

નૌકાદળના માજી વડાએ જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળના પ્રયાસો કોઈ ચોક્કસ રાષ્ટ્રને લક્ષ્ય બનાવતા નથી, કે અમે અમારા ઉદ્દેશ્યોને પ્રદેશ પર "પ્રભુત્વ" સ્થાપિત કરવા સુધી મર્યાદિત રાખતા નથી. અમારું મુખ્ય લક્ષ્ય ભારતના દરિયાઈ હિતોની સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરવાનું અને સ્થિર, મુક્ત, ખુલ્લા અને સમાવિષ્ટ ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે યોગદાન આપવાનું છે. અમે ઘણા વ્યૂહાત્મક પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. અમે અમારી લશ્કરી તાકાત વધારી રહ્યા છીએ અને 2035 સુધીમાં 200 થી વધુ જહાજો સાથે નૌકાદળ બનવાના માર્ગે પર નિશ્ચિતપણે આગળ વધી રહ્યા છીએ.

અમે મિશન-આધારિત જમાવટ અને દરિયાઈ ક્ષેત્ર જાગૃતિ દ્વારા સતત ઓપરેશનલ પહોંચ જાળવી રાખી છે, જે મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં અમારા જહાજો અને વિમાનોની લગભગ સતત હાજરી સુનિશ્ચિત કરે છે; અને અંતે, ભારતે મહાસાગર વિઝન હેઠળ પ્રાદેશિક દરિયાઈ સહયોગને નોંધપાત્ર રીતે મજબૂત બનાવ્યો છે.

### મુંબઇમાં ચોમાસા...

જણાવ્યા અનુસાર, સવારે ૬ થી ૯ વાગ્યાની વચ્ચે પૂર્વ ઉપનગરોમાં સરેરાશ ૫ મીમી, પશ્ચિમ ઉપનગરોમાં ૨ મીમી અને ટાપુ શહેરમાં ૦.૬૧ મીમી વરસાદ નોંધાયો હતો. સત્તાવાળાઓ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, પૂર્વ ઉપનગરોમાં સૌથી વધુ ૧ ઇંચ કરતા વધારે વરસાદ ચેમ્બુરની કલેક્ટર કોલોનીમાં નોંધાયો હતો, ત્યારબાદ વૈભવ નગર અને માનખુર્દ ફાયર સ્ટેશનમાં ૨૨-૨૨ મીમી વરસાદ પડ્યો હતો.

મ્યુનિસિપલ અધિકારીઓએ દાવો કર્યો છે કે, કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ છતાં શહેરમાં ક્યાંય પણ પાણી ભરાવાની (વોટરલોગિંગની) ફરિયાદ સામે આવી નથી. જો કે, વરસાદ અને અકસ્માતને કારણે સાયન-પનવેલ હાઈવે પર વાશી તરફ જવાવાળા માર્ગ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. અચાનક શરૂ થયેલા વરસાદને કારણે રેઈનકોટ કે છત્રી વિનાના અનેક ટુ-વ્હીલર ચાલકો ફ્લાયઓવર, સ્કાયવોક અને દુકાનોના શેડ નીચે આશરો લેતા જોવા મળ્યા હતા. કોઈપણ મોટી અપ્રિય ઘટનાના તાત્કાલિક અહેવાલો મળ્યા નથી, જ્યારે મ્યુનિસિપલ સત્તાવાળાઓ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે.

### આંધ્રમાં નદીમાં...

અધિકારીએ જણાવ્યું હતું કે, "બાળકીને બચાવવાના પ્રયાસમાં નદીમાં કૂદેલા પાંચ લોકો ડૂબી ગયા હતા, જોકે બાળકીને બચાવી લેવાઈ હતી." પોલીસે જણાવ્યું હતું કે મૃતકો નજીકના ગામોના રહેવાસી હતા. અધિકારીએ નોંધ્યું હતું કે, સ્થાનિક પોલીસે સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ફોર્સ (એસડીઆરએફ)ની ટીમોની મદદથી મૃતકોના મૃતદેહોને બહાર કાઢવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

### અમેરિકા ઇરાન...

રાઉન્ડની પરસ્પર ચર્ચા શરૂ કરી દીધી છે જે આગામી કેટલાક દિવસો સુધી ચાલી શકે છે. બીજા સ્ત્રોતે એક્સિઓસને જણાવ્યું કે ટ્રમ્પ હોર્મુઝની સામુદ્રધુનીને ફરીથી ખોલવા અંગેના કેટલાક શબ્દોમાં પણ સુધારો કરવા માંગે છે - જે સામાન્ય સમયમાં વિશ્વના ઉર્જા પુરવઠાના લગભગ પાંચમા ભાગનું સંચાલન કરે છે. અમેરિકી અધિકારીએ જણાવ્યું કે ટ્રમ્પને કહેવામાં આવ્યું હતું કે ઈરાનીઓ તરફથી જવાબ આવે તે પહેલા લગભગ ત્રણ દિવસનો સમય લાગશે.


## વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિ., સબ-ડિ. ઓલપાડનાં માજે ગામ સરસનાં રે.સર્વે/બ્લોક નં.૬૭૬/અ, જેનું ક્ષેત્ર. હે.૦-આરે-૪૬-૦૩ ચો.મી. જુની શરતની જમીન, જેનો આકાર રૂા.૪.૨૫ પૈસા વાળી જમીનનાં માલિક, મુખત્યાર તથા કબજા વહીવટદાર **મણીબેન તે રમણ ડાહ્યાની વિધવા તથા રાજેશભાઈ ઉર્ફે રમેશભાઈ રમણભાઈનાં** હોવાનું જણાવી તેઓ પાસેથી મજકુર જમીન મારા અસીલે વેચાણ રાખવાનું નક્કી કરેલ છે જેનો પુરેપુરા વેચાણ અવેજ ચુકવીને મારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. આથી મજકુર જમીન પર કોઇ વ્યકિત યા સંસ્થાનો હક્ક-હિત-હિસ્સો કે બોજો, લાગ-ભાગ, દર-દાવો યા ઇઝમેન્ટ, ખોરાકી કે ભરણ-પોષણ વગેરેનાં હક્ક હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૭ માં અમારા અસીલ વતી વાંધા, દસ્તાવેજી પુરાવા સહિત હમોને રૂબરૂ મળવું, મુદ્દત વિત્યે કોઇનો કોઇપણ પ્રકારનાં હક્ક-હિત-હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો યા ઇઝમેન્ટ, ખોરાકી કે ભરણ-પોષણ વગેરેનાં હક્ક નથી અને હોઇ તો છોડી દીધેલ છે તેમ ગણી હમારા અસીલ વ્યવહાર પુર્ણ કરી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિં જેની નોંધ લેશો.

**મારી મારફત :**
ઓફિસઃ યુ-૯,હિરલ આર્કેડ,
નવી ડિસ્ટ્રીક્ટ કોર્ટની સામે,અઠવાલાઇન્સ,
સુરત. મો.નં. ૯૮૨૫૦ ૯૦૪૦૨

**હરિશ આર.પટેલ**
એડવોકેટ તથા નોટરી

## ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે તાપી જીલ્લા, તાલુકો : વ્યારાના મોજે ગામ : બોરખડી ના બ્લોક નં.૮૪૧, જેનું સુમારે ક્ષેત્રફળ હે. ૨-૯૨ આરે-૫૩ ચો.મી. જમીન, જેનો આકાર રૂા.૧૦.૫૨ પૈસા, ખાતા નંબર : ૬૦૮ (નવો ખાતા નં.૬૬૪) વાળી જુની શરતની ખેતીની જમીનના માલીકો (૧) દશરથભાઈ મફતલાલ પટેલ, (૨) પ્રકાશકુમાર દશરથભાઈ પટેલ, (૩) અલ્પેશકુમાર દશરથભાઈ પટેલનાઓની સંયુક્ત અને સંપુર્ણ માલીકી, કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. સદર જમીનના માલીકોનો વેચાણ દસ્તાવેજ જે મે. વ્યારાના સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુ. નં.૨૮૮ થી તા.૦૫/૦૩/૨૦૧૨ ના રોજ નોંધાયેલ છે, તેનો અસલ વેચાણ દસ્તાવેજ અને રજીસ્ટ્રેશન ફી ની પાવતી/રસીદ અમારા અસીલથી ગેરવલ્લે અને ગુમ થઈ થયેલ છે. અમારા અસીલે હમો પાસેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહું મિલકત/જમીનમાં કોઈપણ વ્યક્તિ, વંશ, વાલી, વારસો, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હકક, હિસ્સો, લાભ ભાગ, દરદાવો, અધિકાર કે ઈઝમેન્ટનો હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ (સાત) માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. નહીં તર મુદત વિત્યેથી સદરહું મિલકત/જમીનમાં કોઈપણ કોઈના હક, હિત નથી એમ માની અથવા તો તેવા તમામ હક હિત તેઓએ જતા (વેવ) કર્યા છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને સદરહું મિલકત/જમીન અંગે ટાઈટસ કલીયરન્સનું સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તરતકરાર કે હકક દાવો ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ તેમજ લાગતા વળગતાએ સ્પષ્ટ અને ગંભીર નોંધ લેશો. તા. ૧/૬/૨૦૨૬

ઓફીસ : ૩૧૨, રઘુવીર સીમ્ફોની શોપર્સ
અલથાણ-ભીમરાડ કેનાલ રોડ, અલથાણ, સુરત
મો.નં. ૮૪૦૧૯ ૧૭૪૦૭, ૯૩૭૭૧ ૯૭૧૧૫

**પ્રણવ એસ. પટેલ**
(એડવોકેટ એન્ડ નોટરી)
મર્હુમ દશરથભાઈ મફતલાલ પટેલ વિગેરેના એડવોકેટ

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, (૧) નવસારી ડીસ્ટ્રીક્ટ, ચીખલી સબ-ડીસ્ટ્રીક્ટનાં મોજે ગામ : **પીપલગભાણ નાં બ્લોક નં. ૬૫૮, જેનું ક્ષેત્રફળ સુમારે ૧૧૧૩ ચો.મી. જેનો આકાર રૂા.૦.૫૦ પૈસા** વાળી જુની શરતની ખેતીની જમીન, (૨) નવસારી ડીસ્ટ્રીક્ટ, ચીખલી સબ-ડીસ્ટ્રીક્ટનાં મોજે ગામ : **પીપલગભાણ નાં બ્લોક નં. ૧૩૦૦, જેનું ક્ષેત્રફળ સુમારે ૨૧૨૫ ચો.મી. જેનો આકાર રૂા.૧.૦૦ પૈસા** વાળી જુની શરતની ખેતીની જમીન, (૩) નવસારી ડીસ્ટ્રીક્ટ, ચીખલી સબ-ડીસ્ટ્રીક્ટનાં મોજે ગામ : **પીપલગભાણ નાં બ્લોક નં. ૧૩૦૨, જેનું ક્ષેત્રફળ સુમારે ૨૪૨૮ ચો.મી. જેનો આકાર રૂા.૧.૦૦ પૈસા** વાળી જુની શરતની ખેતીની જમીન, (૪) નવસારી ડીસ્ટ્રીક્ટ, ચીખલી સબ-ડીસ્ટ્રીક્ટનાં મોજે ગામ : **પીપલગભાણ નાં બ્લોક નં. ૧૬૦૬, જેનું ક્ષેત્રફળ સુમારે ૨૭૩૨ ચો.મી. જેનો આકાર રૂા.૭.૦૦ પૈસા** વાળી જુની શરતની ખેતીની જમીન, (૫) નવસારી ડીસ્ટ્રીક્ટ, ચીખલી સબ-ડીસ્ટ્રીક્ટનાં મોજે ગામ : **પીપલગભાણ નાં બ્લોક નં. ૧૭૧૦-અ, જેનું ક્ષેત્રફળ સુમારે ૧૪૧૬ ચો.મી. જેનો આકાર રૂા.૨.૦૬ પૈસા** વાળી જુની શરતની ખેતીની જમીન, (૬) નવસારી ડીસ્ટ્રીક્ટ, ચીખલી સબ-ડીસ્ટ્રીક્ટનાં મોજે ગામ : **પીપલગભાણ નાં બ્લોક નં. ૧૭૧૦-બ, જેનું ક્ષેત્રફળ સુમારે ૨૦૨૪ ચો.મી. જેનો આકાર રૂા.૫.૦૦ પૈસા** વાળી જુની શરતની ખેતીની જમીન, (૭) નવસારી ડીસ્ટ્રીક્ટ, ચીખલી સબ-ડીસ્ટ્રીક્ટનાં મોજે ગામ : **પીપલગભાણ નાં બ્લોક નં. ૧૭૯૮, જેનું ક્ષેત્રફળ સુમારે ૮૦૯ ચો.મી. જેનો આકાર રૂા.૨.૦૦ પૈસા** વાળી જુની શરતની ખેતીની જમીનના માલીક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર **જયેશભાઈ મનુભાઈ** ચાલી આવેલ છે અને તેઓએ સદરહુ જમીન તેમની વહીવટ વ્યવસ્થામાં તથા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી અને તે મુજબના રેવન્યુ દફતરના પુરાવાઓ બતાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. માટે ઉપરોક્ત જમીનમાં જો કોઈપણ ઈસમનો યા સંસ્થાનો કે બેંકનો હકક, હીસ્સો, હીત, સંબંધ, લાગભાગ, કબજો ભોગવટો, ચાર્જ, બોજો યા લીયન ઉભેલા હોય તો તેવી વ્યક્તિઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭ માં** લેખિત દસ્તાવેજી પુરાવા સહિતના વાંધાઓ અમારા સરનામે રજુ કરવા. જો મુદતમાં કોઈપણ ઈસમના કોઈપણ જાતના વાંધાઓ આવશે નહી તો ત્યારબાદ મારા અસીલ ઉપરોક્ત જમીન ખરીદવાની કાયદેસરની તમામ કાર્યવાહીઓ સંપુર્ણ કરશે અને પાકો વેચાણ દસ્તાવેજ તેમજ અન્ય પાકા લખાણો કરી-કરાવી લેશે પાછળથી હરકોઈની કોઈપણ જાતનાં વાંધા તેમજ તરતકરારો રદબાતલ ગણાશે તેની નોંધ લેવી.

**મારી સુચના અને ફરમાઈશથી (સુરેશભાઈ મનસુખભાઈ ખુંટ)**

મારી મારફત **જીજ્ઞેશકુમાર વી. સોલંકી** તે ખરીદનારના એડવોકેટ
સરનામું :-૧૭૧, સંધ્યા વંદન સોસાયટી,પાલનપુર જકાતનાકા,સુરત. Mo.No. 9737747945

## Muthoot Homefin (India) Ltd.

CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ બ્રાન્ચ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલ.પી. સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત - 395009.

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6) ની જોગવાઈ જુઓ]

**ખાનગી કરાર સહ વેચાણ માટેની જાહેર નોટિસ**

સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8(6) ના પ્રોવાઇઝો (જોગવાઈ) સાથે વંચાણમાં લેતા, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી (ઓથોરાઇઝ્ડ ઓફિસર) દ્વારા નીચે દર્શાવેલ સુરક્ષિત અસ્કયામત (મિલકત)નો કબજો લેવામાં આવ્યો હોવાથી, દેવાદાર/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે, નીચે સહી કરનાર દ્વારા મિલકતની ખરીદી માટે સીલબંધ કવરોમાં ઓફરો/બિડ આમંત્રિત કરવામાં આવે છે. આ સ્થાવર મિલકત જે હાલમાં સંસ્થાના કબજામાં છે, તેનું વેચાણ "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે કંઈ પણ ત્યાં ઉપલબ્ધ છે"ના ધોરણે કરવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

| ક્રમ | દેવાદાર(ઓ)/ સહ-દેવાદાર(ઓ)/ જામીનદાર(ઓ)/ લોન એકાઉન્ટ નંબર/ શાખા | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | રાજેશ પ્રકાશ અવધુતા/ પ્રસન્ના પ્રકાશ અવધુતા/ 004-00403738/ સુરત | 26-ડિસેમ્બર-2020 અને રૂ. 16,71,485/- (રૂપિયા સોળ લાખ એકોતેર હજાર ચારસો પંચ્યાસી પૂરા) | ફ્લેટ નં. B-503, 504, 5મો માળ, વિનાયક રેસિડેન્સી, શિવમ રેસિડેન્સી, કડોદરા પલસાણા સુરત ગુજરાત- 394327. જેની વધુ વિગતો સબ-રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ (સેલ ડીડ) રજિસ્ટર્ડ નં. 5521, તારીખ- 08/03/2018 માં દર્શાવેલ છે. જેની સીમાઓઃ ઉત્તરે- અડીને આવેલો ખુલ્લો પ્લોટ, દક્ષિણે- રોડ, પૂર્વે- રોડ, પશ્ચિમે- A વિંગ. | રૂ. 4,00,000/- (રૂપિયા ચાર લાખ પૂરા) | રૂ. 40,000/- (રૂપિયા ચાલીસ હજાર પૂરા) |
| 2. | પ્રેમનાથ રામદીર વર્મા/ મેનકા પ્રેમનાથ વર્મા/ 004-00402684/ સુરત | 27-જાન્યુઆરી-2021 અને રૂ. 9,75,899/- (રૂપિયા નવ લાખ પંચોતેર હજાર આઠસો નવાણું પૂરા) | 503, 5મો માળ, ન્યુ હરિ રેસિડેન્સી, હરિહંત પાર્ક સોસાયટી વિભાગ-1, સુરત મુંબઈ હાઈવે પાસે, સુરત ગુજરાત- 394327. જેની વધુ વિગતો સબ-રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ (સેલ ડીડ) રજિસ્ટર્ડ નં. 18475-2017, તારીખ- 13/12/2017 માં દર્શાવેલ છે. જેની સીમાઓઃ ઉત્તરે- ખુલ્લો પ્લોટ, દક્ષિણે- ખુલ્લો પ્લોટ, પૂર્વે- સોસાયટીનો રોડ, પશ્ચિમે- અડીને આવેલી બિલ્ડિંગ. | રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ પૂરા) | રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર પૂરા) |
| 3. | અતુલકુમાર અમરનાથ મિશ્રા/ રેખાબેન અમરનાથ મિશ્રા/ 004-00402187/ સુરત | 26-ડિસેમ્બર-2020 અને રૂ. 4,82,769/- (રૂપિયા ચાર લાખ બ્યાસી હજાર સાતસો ઓગણસિત્તેર પૂરા) | 405, શિવ કૃપા રેસિડેન્સી, સુરત મુંબઈ હાઈવે, કડોદરા સુરત ગુજરાત- 394327. જેની વધુ વિગતો સબ-રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ (સેલ ડીડ) રજિસ્ટર્ડ નં. 16234/2017, તારીખ- 16/10/2017 માં દર્શાવેલ છે. જેની સીમાઓઃ ઉત્તરે- અડીને આવેલી બિલ્ડિંગ, દક્ષિણે- અડીને આવેલી બિલ્ડિંગ, પૂર્વે- RCC રોડ, પશ્ચિમે- અડીને આવેલી બિલ્ડિંગ. | રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ પૂરા) | રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર પૂરા) |
| 4. | મનોજ રાયબહાદુર યાદવ/ કિરણ મનોજ યાદવ/ 004-00405220/ સુરત | 09-નવેમ્બર-2019 અને રૂ. 8,84,425/- (રૂપિયા આઠ લાખ ચોર્યાસી હજાર ચારસો પચીસ પૂરા) | 105, શ્યામ વિલા, શુભમ રેસિડેન્સી, રોડ નં. 352, બ્લોક નં. 497/A, હળધરુ રોડ, કામરેજ, સુરત, ગુજરાત- 394305. | રૂ. 1,80,000/- (રૂપિયા એક લાખ એંસી હજાર પૂરા) | રૂ. 18,000/- (રૂપિયા અઢાર હજાર પૂરા) |
| 5. | લાલાજીભાઈ મંગાભાઈ ડાભી/ મોંદુબેન મંગાભાઈ ડાભી/ 004-00402398/ સુરત | 05-જાન્યુઆરી-2024 અને રૂ. 5,48,519/- (રૂપિયા પાંચ લાખ અડતાલીસ હજાર પાંચસો ઓગણીસ પૂરા) | 304, ત્રીજો માળ, મેન કોમ્પ્લેક્સ, વલ્લભનગર, વેરેલી પલસાણા, ઓફ સુરત કડોદરા પલસાણા, સુરત ગુજરાત-394140. જેની વધુ વિગતો સબ-રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ (સેલ ડીડ) રજિસ્ટર્ડ નં. 18197/2017, તારીખ- 06/12/2017 માં દર્શાવેલ છે. જેની સીમાઓઃ ઉત્તરે- ખુલ્લો પ્લોટ, દક્ષિણે- ખુલ્લો પ્લોટ, પૂર્વે- ખુલ્લો પ્લોટ, પશ્ચિમે- રોડ. | રૂ. 1,00,000/- (રૂપિયા એક લાખ પૂરા) | રૂ. 10,000/- (રૂપિયા દસ હજાર પૂરા) |

1. આ હરાજી "જ્યાં છે ત્યાં" અને "જેમ છે જે કંઈ છે"ના ધોરણે યોજવામાં આવી રહી છે.
2. હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સામેલ કરવામાં આવ્યા છે, જે ઉપર જણાવેલ પ્રાદેશિક (રીઝનલ) ઓફિસ ખાતે ઉપલબ્ધ છે.
3. નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ, 'Muthoot Homefin (India) Ltd' ની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD અને KYC દસ્તાવેજો સાથે 18-જૂન-2026ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી ઉપર દર્શાવેલ પ્રાદેશિક કચેરીના સરનામે રહેશે. જે ટેન્ડરો સંપૂર્ણ રીતે ભરેલા નહીં હોય અથવા છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડરોને અમાન્ય ગણવામાં આવશે અને તે મુજબ નકારી કાઢવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 17-જૂન-2026 ના રોજ બપોરે 01:00 વાગ્યાથી બપોરે 03:00 વાગ્યા સુધી રાખવામાં આવેલ છે.
5. મિલકત માટે બિડ/ઓફર ઓપનિંગની હરાજીની તારીખ 19-જૂન-2026ના રોજ બપોરે 01:00 વાગ્યે અધિકૃત અધિકારી દ્વારા ઉપર જણાવેલ બ્રાન્ચ ઓફિસના સરનામે રાખવામાં આવી છે.
6. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને બોજા/ટેક્સ બાકી વગેરેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં, જો કોઈ હોય તો, અને તે રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બિડરે મિલકતના બોજા અને ટાઇટલ (માલિકી હક્ક) અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ તેમજ મિલકતનું નિરીક્ષણ કરીને પોતાની જાતે સંતોષ મેળવી લેવો જોઈએ.
7. સૌથી વધુ બોલી લગાવનારની મંજૂરી MHIL લિમિટેડના આધીન રહેશે. અધિકૃત અધિકારી પાસે કોઈપણ કારણ આપ્યા વિના પ્રાપ્ત થયેલી તમામ અથવા કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અથવા નકારવાનો અધિકાર અનામત રહેશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ)ને આથી સરફેસી એક્ટ, 2002 હેઠળ 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલા ઉપર જણાવેલ રકમ ચૂકવી દે, અન્યથા સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલવામાં આવશે. જો દેવાદાર વેચાણની તારીખ પહેલા મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને પૂરેપૂરી બાકી રકમ ચૂકવી દે છે, તો હરાજી રદ કરવાને પાત્ર રહેશે.

વધુ વિગતો માટે, ઉપર જણાવેલ ઓફિસના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ - અમર પાટીલ - 9737057744

તારીખઃ 01 જૂન, 2026
સ્થળઃ સુરત
સહી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ

## મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

Muthoot Homefin
મુથૂટ હોમફિન કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નંબર 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

**કબજા નોટિસ** (સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002 ના નિયમ 8(1) સાથે વંચાણમાં લેતા પરિશિષ્ટ IV મુજબ)

જેમ કે, અધોહસ્તાક્ષરી (નીચે સહી કરનાર) સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (2002 નો 54) હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 સાથે વંચાણમાં લેતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાની રૂએ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ (MHIL) ના અધિકૃત અધિકારી (Authorized Officer) છે. કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલા લોનધારક(ઓ)/જામીનદાર(ઓ) ને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલી રકમ ચૂકવી દેવા માટે માંગણી નોટિસ(ઓ) (Demand Notice) જાહેર કરવામાં આવી હતી. લોનધારક સદર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, આથી લોનધારક(ઓ)/ સહ-લોનધારક(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરીએ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 સાથે વંચાણમાં લેતા સદર કાયદાની કલમ 13(4) હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો (Possession) લઈ લીધો છે. ખાસ કરીને લોનધારક અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અહીં નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.
લોનધારકનું ધ્યાન સિક્યોર્ડ એસેટ્સ (ગીરો મિલકતો) છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, કાયદાની કલમ 13 ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

| ક્રમ | લોનધારક(ઓ)/ સહ-લોનધારક(ઓ)/ જામીનદાર(ઓ) ના નામ / લોન એકાઉન્ટ નં. / શાખા | સિક્યોર્ડ એસેટ્સ (ગીરો મિલકત) ની ટૂંકી વિગત | માંગણી નોટિસની તારીખ અને કુલ બાકી રકમ (રૂ.) | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | ક્રિષ્નાકુમાર પંચમ કેવટ / અંજુદેવી ક્રિષ્નાકુમાર કેવટ / 004-00401990 / સુરત | ફ્લેટ નં. G-2, જેનું ક્ષેત્રફળ 530 ચોરસ ફૂટ એટલે કે 49.25 ચોરસ મીટર સુપર બિલ્ટઅપ એરિયા અને 318 ચોરસ ફૂટ એટલે કે 29.55 ચોરસ મીટર બિલ્ટઅપ એરિયા છે, તેની સાથે સિદ્ધિ વિનાયક રેસિડેન્સીની જમીનમાં 12.00 ચોરસ મીટર અવિભાજિત હિસ્સો, હરિહંત પાર્ક સોસાયટી-2, સર્વે નં. 133, બ્લોક નં. 137/A, હિસ્સા નં. 3, પૈકી પ્લોટ નં. 120 થી 122 અને 123, મોજે ગામઃ કડોદરા, તાઃ પલસાણા, જિઃ સુરત, કડોદરા ચાર રસ્તા નજીક, કડોદરા, પલસાણા, સુરત. | 22-ડિસેમ્બર-2025 /રૂ. 4,84,706/- (રૂપિયા ચાર લાખ ચોર્યાસી હજાર સાતસો છ પૂરા) | 27-મે-2026 |
| 2. | અંકિત રામકુમાર માલી / સુભાવતી રામકુમાર / 004-00406295 / સુરત | સ્થાવર મિલકત, ફ્લેટ નં. 103 ના પ્રિમાઇસીસ (પરિસર), જેનું ક્ષેત્રફળ 541.33 ચોરસ ફૂટ સુપર બિલ્ટઅપ એરિયા, 324.80 ચોરસ ફૂટ એટલે કે 30.17 ચોરસ મીટર બિલ્ટઅપ એરિયા, તેની સાથે જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સો જેનું ક્ષેત્રફળ 5.97 ચોરસ મીટર છે, "પ્રથમ માળ 'યોગીરાજ' રેસિડેન્સી-A", જે જમીન ગુજરાત રાજ્ય, જિલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકોઃ પલસાણા, મોજે ગામઃ પલસાણા ખાતે આવેલી છે, જેનો રેવન્યુ સર્વે નં. 525, બ્લોક નં. 526/પૈકી 1, પ્લોટ પૈકી પ્લોટ નં. 67 (K.J.P. બ્લોક નં. 526/B/67 પછી), 68 (K.J.P. બ્લોક નં. 526/B/68 પછી), 69 (K.J.P. બ્લોક નં. 526/69 પછી) અને 70 (K.J.P. બ્લોક નં. 526/B/70 પછી) છે. પ્લોટ નં. 67 નું ક્ષેત્રફળ 50.18 ચોરસ મીટર, પ્લોટ નં. 68 નું ક્ષેત્રફળ 50.18 ચોરસ મીટર, પ્લોટ નં. 69 નું ક્ષેત્રફળ 50.18 ચોરસ મીટર, પ્લોટ નં. 70 નું ક્ષેત્રફળ 75.28 ચોરસ મીટર, પૈકી કુલ ક્ષેત્રફળ 225.85 ચોરસ મીટર રહેણાંક હેતુ માટેની બિન-ખેતી (N.A.) જમીન પૈકી છે. મિલકતની ચાર દિશાઓ - પૂર્વમાંઃ સોસાયટીનો રોડ, પશ્ચિમમાંઃ અડીને આવેલો ફ્લેટ નં. 102, ઉત્તરમાંઃ અડીને આવેલો પ્લોટ નં. 66, દક્ષિણમાંઃ અડીને આવેલો ફ્લેટ નં. 104. | 22-ડિસેમ્બર-2025 / રૂ. 6,12,957/- (રૂપિયા છ લાખ બાર હજાર નવસો સત્તાવન પૂરા) | 28-મે-2026 |
| 3. | દિનેશભાઈ દામજીભાઈ ગરાણીયા / અશ્વિનભાઈ દામજીભાઈ ગરાણીયા / પ્રવિણ દામજીભાઈ ગરાણીયા / દામજીભાઈ માવભા ગરાણીયા / 004-00401580 / સુરત | સુરત જિલ્લાના પલસાણા તાલુકાના મોજે ગામ તાંતીથૈયાની બિન-ખેતી જમીનના બ્લોક નં. 278/B માં રહેણાંક હેતુ માટે આયોજિત સોસાયટી, જે "સારિથ ટાઉનશીપ" તરીકે ઓળખાય છે, તે સોસાયટીમાં રહેણાંક ઓપન પ્લોટો પૈકી પ્લોટ નં. 548, જે રેવન્યુ રેકોર્ડ મુજબ બ્લોક નં. 278/B/548 તરીકે ઓળખાય છે, જેનું ક્ષેત્રફળઆશરે 58.34 ચોરસ મીટર છે, એટલે કે ઓપન પ્લોટની જમીન સહિત કુલ સિક્યોર્ડ પ્રોપર્ટીનું માપ 69.77 ચોરસ મીટર છે અને તેની સાથે જોડાયેલા તમામ આંતરિક અને બાહ્ય દ્રાય યુઝના હકો (વપરાશના અધિકારો) સહિત. | 22-ડિસેમ્બર-2025 / રૂ. 9,36,397/- (રૂપિયા નવ લાખ છત્રીસ હજાર ત્રણસો સત્તાણું પૂરા) | 28-મે-2026 |

તારીખઃ 01 જૂન, 2026
સ્થળઃ સુરત
સહી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ